# કઈ રીતે સ્પાઈસ મનીએ ગુજરાતના રોનક જૈનને આર્થિક સ્થિરતા આપી

દેશના આર્થિક વિકાસમાં મહત્વની ભૂમિકા ભજવે છે. જો કે, આ તમામ પ્રયાસો છતાં ભારતના ગામડાંનો એક મોટો હિસ્સો બેન્કિંગ સેવાઓથી વંચિત રહી ગયો છે. ગામડાંમાં અનેક પડકારો છે, જેમ કે બેન્કિંગ સુવિધા નથી, બ્રાન્ચ વિસ્તરણમાં સંકલન નથી, કર્મચારીઓની અછત તથા રોજગારની તકોનો અભાવ અને ધિરાણ પ્રવૃત્તિમાં ધીમી પ્રગતિ. જો કે આ પડકારો વચ્ચે સ્માર્ટફોન અને ઈન્ટરનેટ કનેક્શનનો વધતો જતો પ્રસાર વંચિત ભારતીયો માટે આશાનાં કિરણ સમાન છે. અહેવાલો પ્રમાણે, ભારતમાં સ્માર્ટફોનનો પ્રસાર દર ૨૦૨૦માં ૫૪ ટકા હતો અને ૨૦૪૦માં ૯૬ ટકાએ પહોંચવાનો અંદાજ છે. આ હકીકતે ગ્રામીણ જનતા માટે ભરપૂર સંભાવનાઓ સર્જી છે અને અને સ્પાઈસ મની જેવી ફાઈનાન્સિયલ ટેકનોલોજી કંપનીઓ ગ્રામીણ યુવાનોને શ્રેષ્ઠ ફાઈનાન્સિયલ સર્વિસિસ અને રોજગારીની તકો પૂરી પાડીને નાણાંકીય સર્વસમાવેશિતાને વેગ આપી રહી છે. ગુજરાતના ઝાલોદ તાલુકામાં રહેતા રોનક જૈન નામના મક્કમ મનોબળ ધરાવતા યુવકની કહાની ગ્રામીણ ભારતમાં ડિજિટાઈઝેશનની ક્ષમતા દર્શાવે છે. રોજગારી ન હોવાથી રોનક તેના પરિવારને આર્થિક મદદ નહોતો કરી શકતો. અનેક પડકારો છતાં, તે ઈચ્છાશક્તિ અને મક્કમ નિર્ધારને જોરે ટકી ગયો. રોજગારીની તકની શોધમાં તેને સ્પાઈસ મની અંગે જાણ થઈ અને તેણે કંપની અંગે ઓનલાઈન માહિતી મેળવી. તેણે સ્માર્ટફોન અને ઈન્ટરનેટ જોડાણ દ્વારા સ્પાઈસ મની એપ ડાઉનલોડ કરી અને સ્પાઈસ મની અધિકારી બની ગયો.